વંચાણે લીધા : પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૦૬/૨૦૧૭, તા.૧૧/૦૨/૨૦૧૭

**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૩/૨૦૧૮,**

**તા.૧૧/૪/૨૦૧૮**

હું, ડૉ.કે.એલ.એન.રાવ, IPS, ઈ/ચા. પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૧/૪/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૧/૪/૨૦૧૯ સુધી નીચે પ્રમાણેનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

(૧) જીવરાજબ્રીજ એ.પી.એમ.સી. તરફનાં છેડાથી બ્રીજની નીચેથી જોગણીમાતાનાં મંદીર સુધીનો સાઈડનો રોડ તા.૧૧/૪/૨૦૧૯ સુધી મેટ્રો રેલનાં કામ માટે બંધ રહેશે. તેમજ આ રસ્તો ભારે વાહનો માટે પણ પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક રુટ :** જીવરાજ ચાર રસ્તાથી વેજલપુર ચોકી ત્યાથી જમણી બાજુ વળી રેલ્વેનાં પાટા સુધી ઉમાસુત સોસાયટીનાં નાંકે પાટાને સમાંતર બંસી ફ્લેટનાં ગેટ થઈ બ્રીજની નીચે જઈ શકાશે.

(૨) જીવરાજબ્રીજ એ.પી.એમ.સી. તરફનાં છેડેથી વિશ્વરેખા સોસાયટી ઘર નં.૫ તરફનો બ્રીજની નીચેનો રોડ બંધ તથા બ્રીજની દીવાલને સમાંતર રસ્તો પતરા મારીને સૌરાષ્ટ્ર વિશ્વકર્મા કો.ઓ. સોસાયટીનાં મુખ્યગેટ સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ :** જીવરાજ ચાર રસ્તાથી મલાવ તળાવ ટી થઈ જીવરાજ મહેતા હોસ્પીટલ ચાર રસ્તા થી ડાબી તરફ વળી આયોજન નગર થઈ જામ્બવન ઉધાન થઈ અમન આકાશ પાર્ટી પ્લોટ થઈ વિશ્વકર્મા સોસાયટી તરફ રોડ ઉપરથી જઈ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૧/૪/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી લઈને પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૪/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૧/૪/૨૦૧૮
અમદાવાદ શહેર

( ડૉ.કે.એલ.એન.રાવ )
ઈ/ચા. પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા